ક્રમાંક : બેંકેબલ/માકયો/છ-/૧૦૩/૨૦૨૪
કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગ,
બ્લોક નં. ૭/૨ ઉદ્યોગ ભવન,
સેકટર-૧૧, ગાંધીનગર
તા.૩૧/૦૮/૨૦૨૪.

GMK & RTI
Gandhinagar
No.: 2239
Date 31/8/2024

વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૦૧/૦૭/૨૦૨૪નો ઠ.ક્ર. IMD/WRT/e-file/9/2023/3219/ KH.

પરિપત્ર:

વંચાણે લીધેલ ક્રમ (૧) ઉપરના સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવથી માનવ ગરિમા યોજનાને માનવ કલ્યાણ યોજનામાં મર્જ કરવા તેમજ યોજના હેઠળના વ્યવસાયો (ટ્રેડ)ની સંખ્યા અને વિતરણ પધ્ધતિમાં ફેરફાર કરવાનું ઠરાવવામાં આવ્યું છે. જે ઠરાવના અમલીકરણ અન્વયે લાભાર્થીને તાલીમ આપવા સંબંધિત કામગીરી માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર કચેરી દ્વારા અનુસરવાની નીચેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

- ડ્રો માં પસંદ થયેલ લાભાર્થી જેમણે તાલીમનો વિકલ્પ પસંદ કરેલ હોય તેની વિગત જી.એમ.કે.આર.ટી.આઇ.એ ઇ- કુટીર પોર્ટલના પોતાના લોગિનમાંથી મેળવી લાભાર્થીઓને તાલીમ પૂરી પાડવાની રહેશે.
- જી.એમ.કે.આર.ટી.આઇ. દ્વારા ઈ કુટીર પોર્ટલ પર માનવ કલ્યાણ યોજનાના ઓનલાઈન ડ્રોમાં સિલેકટ થયેલ તાલીમાર્થીઓને બેજીક તાલીમ અપાવાની થાય છે. જે માનવ કલ્યાણ યોજનાના ઠરાવની નાણાકીય જોગવાઇઓ અનુસાર આપવાની રહેશે તથા તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ સંબંધિત ઠરાવની જોગવાઈ અનુસાર સ્ટાઈપેન્ડ ડી.બી.ટી. પધ્ધતિ મારફતે કરવાનું રહેશે.
- જી.એમ.કે.આર.ટી.આઇ. દ્વારા ડ્રોમાં પસંદ થયેલ લાભાર્થીઓને જયારે તાલીમ શરૂ કરવાની થાય ત્યારે તાલીમ માટેની કુલ બેચની સંખ્યામાં સમાવેશ લાભાર્થીઓને એક સાથે સીલેકટ કરી તાલીમમાં હાજર રહેવા અંગેનો મેસેજ મોકલી શકાય તથા ત્રણ વાર જાણ કર્યા બાદ જો લાભાર્થી તાલીમ માટે ના આવે તો તેઓના નામ આપોઆપ માનવ કલ્યાણના ઇ કુટીર પોર્ટલ પરથી રદ થઈ જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.
- જી.એમ.કે.આર.ટી.આઇ. કચેરી દ્વારા આ તાલીમ સરકારી સંસ્થાઓ, એમ્પેનલ થયેલ સંસ્થાઓ તથા અન્ય એજન્સીઓ પાસેથી નિયત થયેલ કાર્યપધ્ધતિથી આપવાની રહેશે.
- તાલીમ માટે જી.એમ.કે.આર.ટી.આઇ. કચેરીને બજેટમાં અલગથી જોગવાઈ કરવાની રહેશે.

આ બાબતે વધુ માર્ગદર્શન માટે સંયુક્ત કમિશનરશ્રી(બેંકેબલ), કુટિર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે.

(પ્રવિણ કે સોલંકી)
કમિશનર
કુટીર અને ગ્રામોદ્યોગ
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ:

(૧) નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગ્રીમકો કચેરી, ગાંધીનગર.

(૩) જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, તમામ.

(૪) ચીફ પ્રોજેક્ટ મેનેજરશ્રી, ગુજ. ઈન્ફો પેટ્રો લિમિટેડ (GIPL), ગાંધીનગર.

Signature valid
Signed by: Pravin K Solanki
Commissioner
Date: 2024.08.31 11:06:22 +05:30